city ભાસ્કર
TUESDAY, 31.01.2017



સિટી ફૂડ

• નિકીતા દુધની
ફૂડ બ્લોગર અને ક્રિટીક

# વિન્ટરનું સ્ટાઈલિશ અંદાજમાં સેલિબ્રેશન

**વાઘબકરી ટી લોન્જ તાજગીસભર ચા અને સ્વાદિષ્ટ સ્નેક્સ માણવા માટેનું 'ઓલ ઇન વન પ્લેસ' છે.**

વિન્ટરમાં તમે બધા ચાની પ્યાલી અને ફ્રેન્ડ્સ સાથે ચિલિંગ ટાઈમ માણવા ઈચ્છો છો. વાઘબકરી ટી લોન્જ તમને આ બંને બાબતો એક જ જગ્યાએ ઉપલબ્ધ કરાવે છે. વર્તમાન સિઝન અણધારી હોવાથી તમને આ સ્થળની મુલાકાત લેવાના ઘણા બધા કારણો મળી રહેશે. સેન્ટ ઝેવિયર્સ કોલેજ ક્રોસ રોડ્સવાળી મિઠી સ્ટ્રીટ પર આવેલું આ પ્લેસ ખૂબ સારી સ્પેસ અને સુંદર ઈન્ટિરિયર ધરાવે છે. અહીંની દિવાલો વાઘબકરીની સંપૂર્ણ વાર્તા ચિત્રો અને રાઈટ-અપ્સ દ્વારા અંકિત થયેલી જોવા મળે છે. અહીં તમે ખિસ્સાને પરવડે તેવા બજેટમાં આહ્લાદક અનુભવ મેળવી શકો છો.

અહીં ચાના વિવિધ વિદેશી અને નવા વિકલ્પો સાથે તમારે સ્વાદિષ્ટ સ્નેક્સ પણ માણવા જોઈએ. તેઓ ઓથેન્ટિક અને આપણે ઘરે રોજ પીતા હોય તેવી ઓરિજીનલ ફોર્મવાળી ચા સર્વ કરે છે, જેમ કે, આદુવાળી ચા, ઈલાયચીવાળી ચા અથવા તુલસીવાળી ચા. આ પૈકીની કોઈ એક જરૂરથી ટેસ્ટ કરો અને વાઘબકરીના અસલી ટેસ્ટને તમારી બોડીમાં ફ્લો થવા દો. સાથે જ જો તમને જુદી-જુદી પ્રકારની ચા ટેસ્ટ કરવાનું ગમતું હોય તો ખુશ ટી, મોરોક્કોન મિન્ટ અથવા રોઝ ટી પસંદ કરો. તેની એક જ ચુસ્કી તમારો આખો મૂડ બદલી શકે છે. તમારી ચાને મસાલા અને ચીઝ ખારી સાથે ટીમ અપ કરો અને તે એક સંપૂર્ણ ભાણું બની જશે. વાત ફૂડની આવે તો તેમની ચામાં બોળેલી સેન્ડવિચ જેવી કે, ફોકેસિયા સેન્ડવિચ ટ્રાય કરો. ફ્રાઈસ, પોટેટો વેજીસ, વેજી નગેટ્સ વગેરે મન્ચિંગ ઓપ્શન પણ અહીં છે. ચોકલેટ મફીન ઓર્ડર કરી તમે તમારી સ્વીટની તલપ પણ સંતોષી શકો છો. તેમની દરેક ડિશ ફ્લેવર્સના બેલેન્સ સાથેની હોય છે. આ ઉપરાંત, તમે આઈસ ટી પણ ઓર્ડર કરી શકો છો અને તે પૈકીની અમુક એક્ઝોટિક ટીના બેગ્સ અથવા પેકેટ્સ પણ ખરીદી શકો છો. અલબત્ત આ એક એવી જગ્યા છે જ્યાં તમે સ્વાદિષ્ટ ડિશિઝ, તાજગીસભર ચા અને મિત્રો સાથે ક્વાલિટી ટાઈમ માણી શકો છો.